**વન અને પર્યાવરણ વિભાગ માટે નાણાંકીય જોગવાઈ**

***૧૫/૪/૨૧૩થી શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન અને પર્યાવરણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ? | (૧) વન અને પર્યાવરણ વિભાગ(ખુદ) માટે વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કરવામાં આવેલ બજેટ જોગવાઈ નીચે મુજબ છે: |

| અનુ. ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ (રૂ. લાખ માં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૫૩૨.૦૫/- |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૬૩૭.૭૦/- |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી? | (૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે: |

| અનુ. ક્રમ | વર્ષ | તા. ૩૧–૧૨ – ૨૦૨૩ની સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખ માં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૫૩૨.૦૫/- |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૬૩૭.૭૦/- |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી? | (૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર વપરાયેલ રકમ અને વણવપરાયેલ રકમ અને તેના કારણો નીચે મુજબ છે: |

| અનુ. ક્રમ | વર્ષ | વપરાયેલ રકમ (લાખમાં) | વણવપરાયેલી રકમ (લાખમાં) | વણવપરાયેલી રકમનાં કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૩૮૪.૨૨/– | ૧૪૭.૮૩/– | (૧) નાયબ સેક્શન અધિકારી અને કચેરી મદદનીશની ભરતીની પ્રક્રિયા પૂર્ણ ન થવાથી સામાન્ય વહીવટ વિભાગ દ્બારા ફાળવણી થયેલ ન હતી.<br>(૨) મોંઘવારી ભથ્થું ૩૮%નાં દરે ગણી કાઢવામાં આવ્યું હતું પરંતુ સરકાર દ્બારા મોંઘવારી ભથ્થાંની જાહેરાત ન કરતાં પાછી સોંપવામાં આવી હતી. |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૪૮૫.૦૬/– | ૧૫૨.૬૪/– | (૧) અંગત મદદનીશ, નાયબ સેક્શન અધિકારી અને કચેરી મદદનીશની ભરતીની પ્રક્રિયા પૂર્ણ ન થવાથી સામાન્ય વહીવટ વિભાગ દ્બારા ફાળવણી થયેલ ન હતી.<br>(૨) કોવિડ–૧૯ની મહામારીની કારણે કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓ દ્બારા રજા મુસાફરી રાહતનો લાભ ન લેવાને કારણે ગ્રાન્ટ વણવપરાયેલી રહી.<br>(૩) સરકાર દ્બારા મોંઘવારી ભથ્થાંની જાહેરાત અપેક્ષિત દરે ન કરતાં ગ્રાન્ટ પાછી સોંપવામાં આવી હતી. |

------------